પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગર ખાતે વર્તમાન કાર્ડેક્ષ પધ્ધતિને સ્થાને P.K.I. (પબ્લીક કી ઈન્ફાસ્ટ્રકચર) આધારીત ડીજીટલ સિગ્નેચર પધ્ધતિ દાખલ કરવા બાબત.

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**

ગુજરાત રાજય, 'વીમા અને લેખા ભવન',

બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ ગાંધીનગર.

**પરિપત્ર ક્રમાંકઃ– હિતિનિ/ટીસી/ફા.૧૨૬/(૧૨૦૦)/૬૦૦૯ થી ૬૧૬૫**

તારીખઃ– ૧૧ / ૭ / ૨૦૦૭.

વંચાણે લીધા :–

(૧) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ–તજર–૧૦૦૫–૧૫૩–ઝ, તા.૧૮/૩/૨૦૦૬.

(૨) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ તજર–૧૦૦૫–૧૫૩–ઝ, તા.૧૮–૬–૨૦૦૭.

**:: પરિપત્ર :: નંબર : ૨૨ /૨૦૦૭ ::**

ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦ના નિયમ–૧૦૬ મુજબ પગાર અને હિસાબી અધિકારી/ જિલ્લા / પેટા તિજોરીઓ ખાતે બીલો/ ચેકો રજૂ કરીને નાણાં ઉપાડવા માટે ઉપાડ અને ચૂકવણી અધિકારી/ નિયંત્રણ અધિકારીની નમૂનાની સહી અંગેનુ કાર્ડેક્ષ/ નમૂનાનુ સહીવાળું કાર્ડ નિભાવવામાં આવે છે. આ પધ્ધતિને વધુ સુદઢ બનાવવા માટે P.K.I. (પબ્લીક કી ઈન્ફાસ્ટ્રકચર) આધારે ડીજીટલ સિગ્નેચરનો પ્રાયોગિક ધોરણે અમલ કરવાના આશયથી નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ તજર–૧૦૦૫–૧૫૩–ઝ, તા.૧૮/૩/૨૦૦૬ થી આપવામાં આવેલ સૂચનાઓમાં ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર કંપની લિ. હેઠળના એકમ (એન) કોડ સોલ્યુસન્સનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેના બદલે હવે T.C.S.(ટાટા કન્સલટન્સી સર્વીસીઝ) લી. દ્વારા સર્ટીફાઈડ P.K.I. (પબ્લીક કી ઈન્ફાસ્ટ્રકચર) આધારીત ડીજીટલ સિગ્નેચર પધ્ધતિ દાખલ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે.

હાલની કાર્ડેક્ષ પધ્ધતિ સાથે P.K.I. (પબ્લીક કી ઈન્ફાસ્ટ્રકચર) આધારીત ડીજીટલ સિગ્નેચર પધ્ધતિ ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર કંપની લિ. હેઠળના એકમ (એન) કોડ સોલ્યુસન્સને બદલે T.C.S.(ટાટા કન્સલટન્સી સર્વીસીઝ) લી. દ્વારા પ્રમાણિત થયા મુજબની પધ્ધતિને પ્રથમ તબકકે ગાંધીનગર ખાતેની પગાર અને હિસાબી અધિકારીની કચેરી ખાતે દાખલ કરવા મંજૂરી આપવામાં આવેલ છે.

ઉકત વિગતે પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગર ખાતે પ્રવર્તમાન કાર્ય પધ્ધતિ સાથે P.K.I. (પબ્લીક કી ઈન્ફાસ્ટ્રકચર) આધારીત ડીજીટલ સિગ્નેચર પધ્ધતિ દાખલ કરવા માટે સંબંધકર્તા ઉપાડ અને ચૂકવણાં અધિકારી/ નિયંત્રણ અધિકારીશ્રીઓએ નીચે મુજબની કાર્ય પધ્ધતિ અનુસરવા જણાવવામાં આવે છે.

- સૂચિત પધ્ધતિ અન્વયે સંબંધકર્તા તમામ ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓએ તેમની કચેરીમાં GSWAN નેટવર્ક / ઈન્ટરનેટ ડાયલઅપ કનેકશન મેળવવાનું રહેશે.

❖ સંબંધકર્તા ઉપાડ અને ચૂકવણાં અધિકારીએ ડીજીટલ સિગ્નેચર હેઠળની પધ્ધતિ અન્વયે બીલ મોકલવા માટે નાણાં વિભાગના વંચાણમાં લીધેલ આમુખ-૨ના ઠરાવમાં દર્શાવેલ સૂચનાઓ અન્વયે મે.ટાટા કન્સલટન્સી સર્વીસીઝ લી. પાસેથી U.S.B.(યુનિવર્સલ સીરીયલ બસ,) P.K.I. માટેનુ ઈન્સ્ટ્રુમેન્ટ મેળવી લેવાનું રહેશે. (ડીઝીટલ સીગ્નેચર)

❖ U.S.B. ટોકન મળેથી સંબંધકર્તા દ્વારા પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગર ખાતે ઓનલાઈન બીલ સબમીશન કરી શકાશે. આ માટે જરૂર મુજબના રાઈટ તથા પાસવર્ડ પગાર અને હિસાબ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરી મારફતે મેળવી લેવાના રહેશે.

❖ ઉકત P.K.I. નુ પ્રાયોગિક ધોરણે અમલીકરણ કરવાનું વિચારેલ હોઈ, હાલના તબકકે ઓનલાઈન સબમીશન ઉપરાંત પ્રવર્તમાન પ્રથા મુજબ પ્રિન્ટેડ (હાર્ડ કોપી) સહી કરેલ બીલની નકલ પણ પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગરના કાઉન્ટર ઉપર રજૂ કરવાના રહેશે.

❖ પ્રાયોગિક પ્રક્રિયા બાદ રાજયની તમામ કચેરીઓમાં આ પ્રથાનો અમલ કરવામાં આવ્યા બાદ તેની સમીક્ષા કરવામાં આવશે.

❖ સમીક્ષા કર્યા બાદ એ.જી.કચેરી, રાજકોટની પરામર્શમાં પ્રવર્તમાન નિયમોમાં સુધારા- વધારા અંગે ઘટિત કાર્યવાહી ૩ માસ બાદ હાથ ધરવામાં આવશે.

નિયામક

પ્રતિ,

૧. નાયબ સચિવશ્રી, ઝ, ખ, રોકડ શાખા, (નાણાં વિભાગ) ગાંધીનગર
૨. એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ-૧) ગુજરાત રાજય, અમદાવાદ-૧.
૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ-૨) ગુજરાત રાજય, રાજકોટ.
૪. નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
૫. નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડંટ ફંડ, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર
૬. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે બીલ રજૂ કરતાં તમામ ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ. (પી.એ.ઓ. ગાંધીનગર મારફતે)
૭. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર/ વડોદરા/ વડોદરા(નર્મદા) ગાંધીનગર (નર્મદા).
૮. તમામ તિજોરી અધિકારીશ્રીઓ.
૯. હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર (ઈ.ડી.પી.સેલ. બીલ-બજેટ શાખા, ટ્રેનીગ સેન્ટર).
૧૦. કચેરી ફાઈલે.